PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૪/કવા–૦૩/૧૮–૧૯/ 1115-5 તા. 05-02-19

રજી. એ.ડી પત્ર

હેમ સીરામિક્સ,

પો. બો. નંબર ૩૭૭, નેશનલ હાઇવે ૮ એ,

લાલપર, તાલુકા-જિલ્લા મોરબી

**pin code 36 36 42**

મો: ૦૨૮ ૨૨-૨૪૧૦૭૯

વિષય :—નાઈટ યુનીટ ના રીબેટ બાબત

સંદર્ભ:– આપની અરજી , તા. ૦૪–૧૨–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૮૪/કવા–૦૩/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

30

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૮૪/કવા–૦૩/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૧૬–૦૧–૧૯ | સ્થળ : મોરબી |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: હેમ સીરામિક્સ, ગામ: મોરબી**

**રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે વી.વી.પટેલ હાજર રહેલ છે.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી**

**રજુઆત કરનાર : એન.ડી.પનારા – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, મોરબી**

## : હુકમ :

**ફરીયાદ : નાઈટ યુનીટ ના રીબેટ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| **૧** | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૧.૧** | અરજદાર **હેમ સીરામિક્સ**, તેઓની અરજી ના નોધણી નંબર :૮૪/કવા–૦૩/૧૮–૧૯,મા જણાવે છે કે, તેઓ **હેમ સીરામિક્સ**ના નામથી_કરારીત વીજભાર ૭૭૫ કેવીએ નુ ગ્રાહક નં.–૨૫૭૫૧ એચ.ટી.પી.–૧ ટેરીફ હેઠળ ધરાવે છે. તેઓના વીજબીલ માં તા.૦૧–૦૪–૧૬ પહેલા રાત્રી ના ( ૨૨: ૦૦ કલાક થી ૬: ૦૦ કલાક ) વીજવપરાશી યુનીટ માં વળતર – ટેરીફ ઓર્ડર મુજબ – જે તે માસમા કરાયેલ કુલ વીજવપરાશી યુનીટ ના ૧/૩ યુનીટ કરતા વધારે વીજવપરાશ કરેલ હોય તો ૮૫ પૈસા / યુનીટ મુજબ – વળતર મેળવવા ને પાત્ર છે. ત્યારબાદ, તા.૦૧–૦૪–૧૬ પછી ના ટેરીફ ઓર્ડર મુજબ – રાત્રી દરમ્યાન ( ૨૨: ૦૦ કલાક થી ૬: ૦૦ કલાક ) સુધી કરાયેલ વીજવપરાશી યુનીટ ના ભાવ ૪૦ પૈસા / યુનીટ નુ વળતર મેળવવા પાત્ર છે. પરંતુ, તેઓના વીજબીલ માં સદર મેળવવા ને પાત્ર રાત્રી ના સમયગાળા મા કરાયેલ વીજવપરાશી યુનીટ નુ વળતર નો લાભ તેઓએ વિભાગીય કચેરી ને પત્ર તા.૩૧–૦૭–૧૭ થી લેખીત પત્ર મુજબ – વીજજોડાણ રીલીઝ તા.૦૪–૦૧–૯૭ થી આપવાને બદલે – માહે જાન્યુઆરી–૨૦૧૦ થી અપાયેલ છે, તેમ છતા સદર બાબતે – અગાઉ ના સમયગાળા નો વળતર નો લાભ મળેલ નથી. વધુમા, લોકપાલ સાહેબ દ્રારા અપાયેલ કેઈસ નં.–૧૨૮/૨૦૧૭ ના ઓર્ડર મુજબ – સદર વળતર નો લાભ રીલીઝ થયા તારીખ થી આપવો, લોકપાલ સાહેબ દ્રારા અપાયેલ ઓર્ડર નં.–૬૧/૬૨/૬૩ – ૨૦૧૮ મુજબ પણ સદર રાત્રી ના સમયગાળા મા કરાયેલ વીજવપરાશી યુનીટ નુ વળતર રીલીઝ થયા તારીખ થી આપવુ. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| **૧.૨** | ફોરમ કમિટી મીટીંગ તા. ૧૬–૦૧–૧૯ ના રોજ અરજદાર વતી તેમના પ્રતિનીધી દ્રારા – પીજીવીસીએલ દ્રારા અપાયેલ ચેકીંગ શીટ ના ડેટા મુજબ – લેવાયેલ રીડીંગ અન્વયે નાઈટ રીબેટ આપવા વિનંતી કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, ગ્રાહક શ્રી હેમ સિરામીક .ગ્રાહક નં. ૨૫૭૫૧ કે.વી.એ૪૭૫ ડેઈટ ઓફ કનેક્શન તા. ૦૪.૦૧.૧૯૯૭ છે.<br>(૧) GERC રેગ્યુલેશન ૨૦૧૧ ના નો ટીફિકેશન નં. ૦૨/૨૦૧૧ ના મુદ્દા નં. ૨.૩૦ (iii) મુજબ ની વિગતે ફરિયાદ નુ કારણ ઉભું થાય તે તારીખ થી ૨ વર્ષ પછી ફરિયાદ નોંધણી કરે તો તેવા કિસ્સા માં ફોરમે કાઈ કરવાનું રહેતું નથી. ગ્રાહક દ્રારા પ્રથમ રિફંડ માટે ની અરજી તા ૩૧.૦૭.૧૭ ના રોજ |

કરવામાં આવેલ છે જે ૨ વર્ષ થી પહેલા ના રીફંડ માટે ની અરજી છે. સદર કેસ માં પણ ગ્રાહક જાન્યુ-૯૭ થી ડિસે-૦૯ ની નાઈટ રીબેટ ની માંગણી હોય ફોરમ માં આ કેસ ચલાવવા નુ કોઈએ કારણ રહેતું નથી.

(૨) કનેકશન ચાલુ કર્યા તારીખ થી નાઈટ રીબેટ લોકપાલ ના સદભાવ ના ચુકાદા મુજબ મળવું જોઈએ તેવી ગ્રાહક ની માંગણી છે. ગ્રાહક ને જાન્યુ-૧૦ થી ઓક્ટો-૧૦ સુધી નુ રૂ.૬૭૭૯.૮૬ વળતર જુન-૧૭ માસ માં ચૂકવી આપવામાં આવેલ છે.(નવે-૧૦ થી લોડ ૫૦૦ ઉપર હોય નાઈટ રીબેટ જે તે માસ માં ચૂકવી આપવામાં આવે છે)

સદભાવ ઓમ્બ્યુંસમેન ના ચુકાદા નાં. કેસ નં. ૧૨૮/૨૦૧૭ માં પારા નં ૪.૧૦ માં સ્પષ્ટ સૂચના આપવામાં આવેલ છે કે તમારા પાસે જેટલા સમય ના ગ્રાહક ના ડેટા હોય તે સમય નુ નાઈટ રીબેટ ચૂકવી આપવું. અત્રેની કચેરી પાસે જાન્યુ-૦૯ થી ડેટા ઉપલબ્ધ હોય તે પ્રમાણે નાઈટ રીબેટ ચૂકવી આપવામાં આવેલ છે. (૦૪.૦૧.૧૯૯૭ થી ડિસે-૦૯) સુધી નુ વળતર મળેલ નથી તો ગ્રાહકે ગ્રાહકે અગાઉ કયારેય નાઈટ ટેરિફ અંગેની માંગણી કરેલ નથી .આ સમય ગાળા નો ડેટા આ ઓફીસ પાસે ઉપલબ્ધ નથી.

(૩) ગ્રાહક દ્વારા ટેરિફ અનુસાર રાત્રીના પાવર વપરાશ નો લાભ લેવા અંગેની કોઈ જ રજુઆત અત્રેની કચેરી ને જે તે .વખતે કરેલ નથી. તા. ૩૧.૦૭.૧૭ ની અરજી મુજબ અત્રેની કચેરી દ્વારા જાન્યુ-૧૦ થી ઓક્ટો-૧૦ દરમ્યાન નો લાભ આપેલ છે.(નવે-૧૦ થી લોડ ૫૦૦ ઉપર હોય નાઈટ રીબેટ જે તે માસ માં ચૂકવી આપવામાં આવે છે). અને ત્યારબાદ પણ નાઈટ રીબેટ આપવાનું ચાલુ જ છે. અત્રેની કચેરી એ ઉપલબ્ધ રેકોર્ડ મુજબ રાત્રીના પાવર વપરાશ નો લાભ આપવામાં આવેલ છે.

(૫) હાલ ઓમ્બ્યુંસ્મેન્ટ દ્વારા ઓર્ડર નો obusman/order/case 62/2018/265/dt. 05.09.18 નાઈટ રીબેટ ચુકવવા અંગે ઓર્ડર કરેલ છે પરંતુ તે સામે પીજીવીસીએલ દ્વારા રીવ્યુ અરજી MD/AB/RV/9405/01.10.18 થી કરેલ છે જેનું જજમેન્ટ પેન્ડીંગ છે .જજમેન્ટ આવ્યા બાદ આગળ ની કાર્યવાહી કરવામાં આવશે .

આમ ગ્રાહક દ્વારા ૨૦ વર્ષ પછી ની માંગણી તેમજ ૨ વર્ષ થી જૂની રિકવરી બાબત હોય ફોરમે આ કેસ માં અમારા જાણ્યા મુજબ કઈ કરવાનું રહેતું નથી.

૨.૨ ફોરમ કમિટી ની મીટીગઃ તા. ૧૬–૦૧–૧૯ ના રોજ – ફોરમ કમિટી દ્વારા અરજદાર ની માંગણી મુજબ ના – વીજજોડાણ રીલીઝ થયા તારીખ થી વિવાદીત નાઈટ ટેરીફ રીબેટ મળેલ નથી, તે સમયગાળા ની ચેકીગ શીટ / મીટર રીડીગ શીટ પીજીવીસીએલ ની વિભાગીય કચેરી મોરબી દ્વારા રજુ – લેખીત પત્ર તા.૨૪–૦૧–૧૯ ના રોજ – તા.૧૯–૦૩–૯૯ થી તા.૧૬–૦૪–૧૮ ની ચેકીગ શીટ ની સર્ટીફાઈડ નકલ રજુ કરાયેલ છે. જેની નકલ – અરજદાર પક્ષકાર ને પણ અપાયેલ છે. તે મુજબ – મીટર રીડીગ નીચે મુજબ નોંધાયેલ છે.

| Checking sheet No. | Date | Meter Serial No. | Cummilative kwh | Cummilative kwh - N/H |
|---|---|---|---|---|
| ૧૭૮ | ૧૯.૦૩.૧૯૯૯ | ૪૦૧૭૬૭૨ | ૨૭૯૮૧૮ | |
| ૧૯૩ | ૧૬.૦૬.૧૯૯૯ | ૯૯૮૨૯ | ૨ | ૦ |
| ૪૪૦ | ૧૭.૧૧.૨૦૦૦ | ૯૯૮૨૯ | ૫૫૧૦૫૨ | |
| ૮૧૪ | ૨૪.૧૧.૨૦૦૧ | ૯૯૮૨૯ | ૯૩૮૪૪૫ | ૨૪૮૦૭૬ |
| ૧૦૨૦ | ૨૮.૦૯.૨૦૦૨ | ૯૯૮૨૯ | ૧૨૩૫૫૨૧ | ૩૨૨૯૭૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨૪૪ | ૧૯.૧૧.૨૦૦૨ | ૯૯૮૨૯ | ૧૩૦૪૬૧૩ | ૩૪૦૭૫૬ |
| ૧૦૫૮ | ૨૨.૦૪.૨૦૦૩ | ૯૯૮૨૯ | ૧૫૦૫૪૨૦ | |
| ૧૯૧૭ | ૧૭.૦૬.૨૦૦૪ | ૯૯૮૨૯ | ૨૦૩૩૦૫૬ | ૫૪૭૧૦૫ |
| ૧૭૭૩ | ૦૭.૦૭.૨૦૦૪ | ૯૯૮૨૯ | ૨૦૬૪૮૪૪ | |
| ૨૧૮૩ | ૨૮.૦૯.૨૦૦૫ | ૯૯૮૨૯ | ૨૬૧૦૩૮૧ | ૭૩૩૯૩૯ |
| ૧૩૫ | ૧૯.૧૨.૨૦૦૬ | ૯૯૮૨૯ | ૩૦૪૦૬૭૧ | |
| ૧૩૬ | ૧૯.૧૨.૨૦૦૬ | ૬૭૭૨૨૮૦ | ૬૭ | ૬૦ |
| ૮૩૦ | ૦૯.૦૮.૨૦૦૭ | ૬૭૭૨૨૮૦ | ૨૮૬૯૧૪ | ૯૭૫૩૪ |
| ૨૮૧૯ | ૧૪.૦૩.૨૦૦૮ | ૬૭૭૨૨૮૦ | ૫૩૮૬૬૧ | ૧૮૩૩૯૬ |
| ૫૮૩ | ૦૩.૦૧.૨૦૦૯ | ૬૭૭૨૨૮૦ | ૮૪૦૦૯૩ | ૨૮૫૬૩૧ |
| ૪૬૨૨ | ૧૭.૦૭.૨૦૦૯ | ૬૭૭૨૨૮૦ | ૧૦૫૩૮૭૭ | ૩૫૮૭૪૭ |
| ૬૨૧૩ | ૨૬.૦૫.૨૦૧૦ | ૬૭૭૨૨૮૦ | ૧૪૦૭૫૧૩ | ૪૭૮૯૦૪ |
| ૬૮૯૭ | ૨૨.૧૦.૨૦૧૦ | ૬૭૭૨૨૮૦ | ૧૫૫૪૨૭૯ | ૫૧૮૨૭૬ |
| ૯૫૭૮ | ૨૮.૧૨.૨૦૧૧ | ૬૭૭૨૨૮૦ | ૧૯૧૭૮૩૯ | ૬૫૧૭૦૬ |
| ૧૨૩૮૧ | ૨૧.૦૨.૨૦૧૩ | ૬૭૭૨૨૮૦ | ૨૨૯૬૪૮૧ | ૭૮૯૧૧૬ |
| ૪૯૯ | ૦૬.૦૨.૨૦૧૪ | ૬૭૭૨૨૮૦ | ૨૫૯૬૯૫૪ | ૯૦૦૫૮૮ |
| ૫૨૧ | ૨૫.૧૧.૨૦૧૪ | ૬૭૭૨૨૮૦ | ૨૮૫૩૭૧૦ | ૯૯૫૦૮૭ |
| ૭૬૨ | ૦૭.૦૧.૨૦૧૫ | ૬૭૭૨૨૮૦ | ૨૮૮૭૭૯૫ | ૧૦૦૭૭૩૧ |
| ૧૯૦૧ | ૨૩.૦૨.૨૦૧૬ | ૬૭૭૨૨૮૦ | ૩૨૬૨૩૩૪ | ૧૧૫૨૧૮૦ |
| ૨૫૧૬ | ૧૧.૦૫.૨૦૧૬ | ૬૭૭૨૨૮૦ | ૩૩૩૨૧૦૮ | ૧૧૭૮૬૭૯ |
| ૨૫૧૬ | ૧૧.૦૫.૨૦૧૬ | PG5A૪૭03 | ૨૦ | ૦ |
| ૧૭૪ | ૨૧.૦૨.૨૦૧૭ | PG5A૪૭03 | ૨૭૭૬૮૫ | ૧૦૪૫૫૯ |
| ૨૭૧૭૬ | ૧૪.૧૦.૨૦૧૭ | PG5A૪૭03 | ૫૬૨૯૯૭ | ૨૧૪૨૩૧ |
| ૭૭૯૭ | ૨૦.૦૩.૨૦૧૮ | PG5A૪૭03 | ૭૬૨૨૯૩ | ૨૯૧૯૮૫ |
| ૩૭૭૬ | ૧૬.૦૪.૨૦૧૮ | PG5A૪૭03 | ૭૯૧૩૮૮ | ૩૦૩૦૩૫ |

**<u>મુદદા નં.—૩ :</u>**      **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | અરજદારની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતેની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન.૨.૧ મુજબ ની વિગતે, **ગ્રાહક શ્રી હેમ સિરામીક ગ્રાહક નં. ૨૫૭૫૧, ૨૨૫ કેવીએ ડેઈટ ઓફ કને.તા.૦૪.૦૧.૧૯૯૭ છે. જે હાલ ૭૭૫ કેવીએનુ વીજજોડાણ ધરાવે છે.** રજદારે રાત્રી ના વીજવપરાશી યુનીટ બાબતે નુ વળતર વીજજોડાણ રીલીઝ થયા તારીખ થી આપવુ, અને તેની ઉપર પ્રવર્તમાન બેંક રેટ ઉપર વ્યાજ આપવું, જે અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવેલ કે – **ગ્રાહકે અગાઉ કયારેય નાઈટ ટેરિફ અંગેની માંગણી કરેલ નથી .** |

**વીજજોડાણ રીલીઝ તા. ૦૪.૦૧.૧૯૯૭ થી ડિસે-૦૯ સુધી નુ વળતર મળેલ નથી – આ સમયગાળા નો બિલીંગ ડેટા આ ઓફીસ પાસે ઉપલબ્ધ નથી.** સદર બાબતે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. જે અન્વયે ફોરમ કમિટી મીટીગ તા.૧૬–૦૧–૧૯ ના રોજ પીજીવીસીએલ પક્ષકાર પાસે – ઉપલબ્ધ ચેકીગ શીટ હોય – તે દિન–૦૭ મા અત્રેના ફોરમ ને લેખીત પત્રથી રજુ કરવા – સુચના આપેલ. જે અનુસંઘાને – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પત્ર તા.૨૪–૦૧–૧૯ ના રોજ સદર અરજદાર ની ચેકીગ શીટ સર્ટીફાઈડ કરી રજુ કરેલ છે, જેની વિગત ઉપરના મુદદા નં. ૨.૨ મા દર્શાવ્યા મુજબ છે.

<u>૩.૨</u>

- (૧) અરજદાર ને રાત્રી વીજવપરાશ મુજબ ના રીફંડ મેળવવા માટેની અરજી તા.૩૧–૦૭–૧૭ ના અનુસંઘાને – પીજીવીસીએલ ની સબંઘક વિભાગીય કચેરી મોરબી દ્વારા કચેરી મા જે સમયગાળા ના ઉપલબ્ધ ડેટા – મોજુદ હતા – તે **જાન્યુ-૧૦ થી ઓક્ટો-૧૦ સુધી નુ રૂ.૬૭૭૯.૮૬ વળતર જુન-૧૭ માસ માં ચૂકવી આપવામાં આવેલ છે.**
- (૨) અરજદાર ના જણાવ્યા મુજબ – લોકપાલ સાહેબ દ્વારા અપાયેલ કેઈસ નં.–૧૨૮/૨૦૧૭ ના ઓર્ડર મુજબ – સદર વળતર નો લાભ રીલીઝ થયા તારીખ થી આપવો, જેથી, સદર બાબતે – સામેવાળા દ્વારા રજુ કરાયેલ ચેકીગ શીટ અન્વયે સળંગ માસીક બીલીગ નો ડેટા રજુ કરાયેલ નથી. પરંતુ, સામેવાળા દ્વારા રજુ કરાયેલ ચેકીગ શીટ ના બીલીગ માસ ના સમયગાળા મુજબ – આગળ નો સળંગ ડેટા ઉપલબ્ધ હોય અને અરજદાર દ્વારા જે તે સમયે સદર બાબતે લેખીતમાં સામેવાળા ને કોઈ રજુઆત કરેલ હોત તો – રાત્રી દરમ્યાન કરાયેલ વીજવપરાશ – લાગુ પડતા ટેરીફ શેડયુલ મુજબ વળતર આપી શકાત, પરંતુ, સદર બાબતે અરજદાર દ્વારા અગાઉ – જે તે સમયે લેખીતમાં સામેવાળા ને કોઈ રજુઆત કરેલ હોય – તે અંગે ના આધાર–પુરાવા અરજદાર દ્વારા રજુ કરાયેલ નથી.

The previous tariff of GERC for the year 2004 to 2007 was also having conditions for concession for use of electricity during night hours. From the various tariff orders published by GERC from 2007 to 2012, the concession on use of electricity during night hours is as under:

**<u>CONCESSION FOR USE OF ELECTRICITY DURING NIGHT HOURS:</u>**

"For the consumer eligible for using supply at any time during 24 hours, entire consumption shall be billed at the energy charges specified above. However, the energy consumed during night hours of 10.00 p.m. to 06.00 a.m. next morning (recorded by poly phase meter operated through time switch) as is in excess of one third of the total energy consumed during the month, shall be eligible for concession at the rate of 75 paise per unit. <u>The poly phase meter and time switch shall be procured and installed by the consumer at his cost and sealed by the Distribution licensee</u>."

Subsequent tariff order of GERC for the period from 2013 to 2015 relevant portion of tariff for concession in night hours utilization of electricity is as under:

**<u>CONCESSION FOR USE OF ELECTRICITY DURING NIGHT HOURS:</u>**

"For the consumer eligible for using supply at any time during 24 hours, entire consumption shall be billed at the energy charges specified above. However, the energy consumed during night hours of 10.00 p.m. to 06.00 a.m. next day morning as is in excess of one third of the total energy consumed during the month, shall be eligible for concession at the rate of 75 paise per unit.

Moreover, as per Tariff Schedule, Tariff For Supply Of Electricity At Low Tension, High Tension, And Extra High Tension in General Terms & Condition Sr. No.-4 mention as "The charges specified are on monthly basis. Distribution Licensee may decide the period of billing and adjust the tariff rate accordingly."

- (૩)વધુમા – સદર કેઈસ મા, અરજદાર ની માંગણી મુજબ વીજ જોડાણ રીલીઝ થયા થી – એટલેકે

તા. ૦૪.૦૧.૧૯૯૭ થી ડિસે-૦૯ સુધી નુ નાઈટ ટેરીફ રીબેટ મેળવવા માટે ની માંગણી હોય તેમજ વખતો વખત રજુ થતા – જાહેરનામા અને વિનીયમો ની ગ્રાહક પક્ષકારે પણ અભ્યાસ મા લેવાની બાબત – અરજદાર ની નૈતિક ફરજ નો ભાગ હોય છે, તેમજ પીજીવીસીએલ પક્ષકાર પાસે – અગાઉ ના જે તે બીલીંગ માસ નો – સળંગ બીલીંગ ડેટા ઉપલબ્ધ ન હોય – તેમજ અરજદાર પક્ષકાર દ્વારા પણ અગાઉ નો સળંગ બીલીંગ ડેટા રજુ **કરાયેલ** નથી.

- **(૪) ઉપરોક્ત કેઈસ ને લગતી સદર બાબતે** નામદાર **વિદ્યુત લોકપાલ ની કચેરી દ્વારા કેઈસ નં. OMB/૬૩(R)/૨૦૧૮ (EE-PGVCL-Morbi Division અને** M/s. Sky Ceramic Pvt. Limited ) **ના** *હુકમ મુદ્દા નં ૪.૭ માં દર્શાવ્યા મુજબ "...The arguments made by Respondent, i.e. M/s. Sky Ceramic Pvt. Limited, with taking the average percentage for the night hours consumption based on the checking sheet for the period February,2008 to December,2008, is not valid in absence of correct billing data"* **અને ૪.૮ માં દર્શાવ્યા મુજબ** *"......to get the night hours rebate for the period Februry,2008 to December,2008, Respondent should produce copy of bills to Appellant and on verification of said bills, Appellant may decide night hours consumption and to refund the night hours rebate for disputed period, and if any amount is to be refunded, it should be adjusted in the next monthly billing."*

(૫) સદર કેઈસમાં ઉપરોક્ત પેટા મુદ્દા નં (૩) અને (૪) મુજબ અરજદાર ની માંગણી મુજબ વીજ જોડાણ રીલીઝ થયા થી – એટલેકે તા. ૦૪.૦૧.૧૯૯૭ થી માહે ડિસેમ્બર–૨૦૦૯ સુધીનુ નાઈટ ટેરીફ રીબેટ મેળવવા માટે ની માંગણી હોય જે અરજદારની રજૂઆત મુદ્દા નં ૧.૨ મુજબ નાઈટ ટેરીફ રીબેટ આપી શકાય નહિ તેમજ જો અરજદાર સદર સમયગાળાના માસિક વિજબીલની નકલ રજુ કર્યેથી જે સામાવાળા દ્વારા જરૂરી રાત્રી દરમ્યાન થયેલ વીજ વપરાશ ની ચકાસણી કર્યા બાદ જો યોગ્ય જણાય તો નાઈટ ટેરીફ રીબેટ નિયમાધીન આપવું તેમ સદર કેઈસમાં અત્રેના ફોરમ કમિટી દ્વારા નિષ્કર્ષ કરેલ છે.

<u>મુદ્દા નં.–૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨(૫) મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.**